# શ્રી વસિષ્ઠ વિદ્યાલય (ગુજરાતી માધ્યમ)

વાલી મિત્રો,

નમસ્કાર!

👉 આપણી શાળામાં ધોરણ 11-કોમર્સના બાળકો માટે V-CEIP નામનો કાર્યક્રમ દર વર્ષે થાય છે. આ કાર્યક્રમ આપણે આ વર્ષે પણ કરવા જઈ રહ્યા છીએ.

👉 આ કાર્યક્રમમાં ધોરણ 11-કોમર્સના બાળકો તારીખ 13-14-15 નવેમ્બરના રોજ પોતાના મનગમતા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટેની ઇન્ટર્નશીપ કરવા જશે. આ ત્રણ દિવસ દરમિયાન શાળામાં ધોરણ 11-કોમર્સના બાળકો માટે શૈક્ષણિક કામગીરી બંધ રહેશે. ઇન્ટર્નશીપના સ્થળે બાળકોએ જાતે અવર-જવર કરવાની રહેશે.

**ઉદાહરણ તરીકે:-**

1) કોઈને ભવિષ્યમાં CA બનવાની ઈચ્છા હોય તો તે CA ની ઓફિસમાં ત્રણ દિવસ CAની કામગીરીને જાણવા, સમજવા, શીખવા માટે જાય.

2) કોઈને ભવિષ્યમાં Lawyer બનવાની ઈચ્છા હોય તો તે Lawyerની ઓફિસમાં ત્રણ દિવસ Lawyerની કામગીરીને જાણવા, સમજવા, શીખવા માટે જાય.

બીજી ઘણી બધી કામગીરી માટે  જઈ શકે જેમ કે બેંક, ઇન્સ્યોરન્સ કંપની, અકાઉન્ટિંગ કંપની, કલેક્ટર ઓફિસ, મામલતદાર ઓફિસ વગેરે

(અહીં ધ્યાન રાખીશું કે કામગીરી કોમર્સને લગતી હોવી જોઈએ.)

👉 આ ઇન્ટર્નશીપની પરવાનગી લેવા માટે બાળકો જાતે જ વિવિધ જગ્યાની મુલાકાત માટે જશે. પરવાનગી અંગેના જરૂરી ડોક્યુમેન્ટસ બાળકને આપેલ છે.

👉 વાલી મિત્રો પરવાનગી લેવા માટે બાળક સાથે જાય તો વધુ સારું પણ સંપૂર્ણ વાતચીત, મુલાકાત, પરવાનગીની પ્રક્રિયા બાળક જાતે કરે તે શાળાનો હેતુ છે.

👉 દીકરીઓના વાલી અહીં એ ધ્યાન રાખશે કે દીકરીને છૂટવાનો સમય મોડામાં મોડા સાંજના 6:00 વાગ્યા સુધીનો હોય.

👉 એક વાલી તરીકે આપણને જાણ હોવી જોઈએ કે મારો દીકરો કે દીકરી કઈ જગ્યાએ? કયા સમયે? કેટલા વાગ્યાથી કેટલા વાગ્યા સુધી? કેવી રીતે? ઇન્ટર્નશીપ માટે જઈ રહ્યો છે તે બાબતની કાળજી રાખીશું.

હવે બાળકોની પ્રથમ સત્રની પરીક્ષા પૂર્ણ થવા જઈ રહી છે આ કામગીરી માટે બાળકોને જરૂરી માર્ગદર્શન તથા સહકાર આપશો તેવી વિનંતી...

**દિવાળીના પર્વની હાર્દિક શુભેચ્છાઓ...** 😇🙏